## જન્મદિને વધામણી



કમલેશભાઈ કાલીદાસ પારેખ
મો. ૯૪૨૮૩ ૫૦૫૩૯



બિંદુ ગોવિંદભાઈ રાવળ



જીનલ આર પારેખ
મો. ૯૭૧૪૧ ૨૩૧૪૬



સ્મિત નયનકુમાર શ્રીમાળી
મો. ૮૪૮૮૦ ૨૯૬૦૬



યુવરાજસિંહ જિતેન્દ્રકુમાર ઠાકોર
મો. ૯૯૦૯૫ ૧૨૯૦૬



સૅક્ટર-૬ ખાતે કાર્યરત સરસ્વતી વિદ્યાલય દ્વારા ‘સ્વચ્છતા અભિયાન’ અંતર્ગત એક અનોખા કાર્યક્રમના ભાગરૂપે વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સૅક્ટર-૬ના ઉદ્યાનમાં બેસીને સ્વચ્છતા જાગૃતિ માટે ચિત્રોનું સર્જન કર્યું હતું.

# સરકારી વિજ્ઞાન કૉલેજ ખાતે રક્તદાન-થેલેસેમિયા શિબિર

ગાંધીનગર, તા. ૪

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના પટાંગણમાં કોલેજના એન.એસ.એસ. એકમ, બ્લડ બેંક, સિવિલ હોસ્પિટલ અમદાવાદ અને રેડક્રોસ સોસાયટી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે કરાયું હતું.

આ પ્રસંગે આચાર્ય ડૉ. કે.જી. છાયા, એનએસએસ પ્રોગ્રામ ઓફીસર ડૉ. યુ.પી. તરપદા, અમદાવાદ સિવિલ હોસ્પિટલના મદદનીશ પ્રધ્યાપક ડૉ. તારક પટેલ, રેસી. ડૉ. કામિની ગુપ્તા તથા સ્વૈચ્છિક રક્તદાન બ્લડ બેંકના સંદીપ મિશ્રા તેમજ થેલેસેમીયા તપાસ માટે રેડક્રોસ સોસાયટીના આસીસ્ટન્ટ ફીલ્ડ મેનેજર નીલેશ ભારતીય ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજ સ્ટાફ ગણ તથા ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ડૉ. તારક પટેલે પોતાના વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓને રક્તદાન વિશે સમજણ આપી વિદ્યાર્થીઓને વધુમાં વધુ સંખ્યામાં રક્તદાન માટે જોડાવા અપીલ કરી હતી. સમારંભના મુખ્ય અધ્યક્ષ અને કોલેજના આચાર્ય ડૉ. કે.જી. છાયાએ વિદ્યાર્થીઓને રક્તદાનનું મહત્વ સમજાવી રક્તદાતા થકી કઈ રીતે કોઈ વ્યક્તિનું જીવન બચાવી શકાય તેમજ આ મહાદાન કે જે આપનાર એ નથી જાણતો કે તે કોને લોહી આપે છે અને લેનાર એ નથી જાણતો કે તેને મળેલ લોહી કોનુ છે આમ આ એક સરસ ગુપ્તદાન છે. ૪૦ વિદ્યાર્થીઓ તથા કોલેજના ત્રણ પ્રોફેસર દ્વારા કુલ ૪૩ બોટલનું રક્તદાન કરવામાં આવ્યું હતું. રેડક્રોસ સોસાયટીના સહકારથી થેલેસીમીયા તપાસ શિબિર હાથ ધરેલ જેમાં કુલ ૩૦૪ વિદ્યાર્થીઓની થેલેસીમીયા તપાસ કરવામાં આવી હતી. આ સમગ્ર શિબિર દરમ્યાન જોડાયેલા સિવિલ હોસ્પિટલના ૧૫ માણસોની ટીમ તથા રેડક્રોસ સોસાયટીના ૩ વ્યક્તીઓ આમ કુલ મળીને ૧૮ વ્યક્તીઓને જમવાની સગવડ કોલેજ દ્વારા પુરી પાડવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બદલ કોલેજના આચાર્ય ડૉ.કે.જી. છાયા તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ડૉ. યુ.પી. તરપદાએ સિવિલ હોસ્પિટલ અમદાવાદ, રેડક્રોસ સોસાયટી અમદાવાદ, કોલેજના પ્રધ્યાપકશ્રીઓ તથા એન.એસ.એસ. તેમજ એનસીસીના વિદ્યાર્થીઓનો આભાર માન્યો હતો.



૨ ઓક્ટોબરથી ૮ ઓક્ટોબર સુધી ‘‘વાઈલ્ડ લાઈફ સપ્તાહ’’ તરીકે ઉજવવામાં આવે છે. જે અન્વયે આ વર્ષે વન વિભાગ ગુજરાત સરકાર, બી.પી. કોલેજ ઓફ બીબીએ તેમજ વનશ્રી ટ્રસ્ટ દ્વારા કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત દરેક કોલેજના વિદ્યાર્થીઓ માટે આંતર કોલેજ નિબંધ સ્પર્ધાનું આયોજન થયું હતું, જેમાં ૧૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ‘‘વન્ય જીવ સંરક્ષણમાં લોકભાગીદારી’’ વિષય પર નિબંધ સ્પર્ધામાં ભાગ લઈ પોતાના વિચારો નિબંધ થકી વ્યક્ત કર્યા હતા. પ્રથમ ત્રણ શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવશે તેમજ ત્યારબાદના ત્રણ વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ આપવામાં આવશે જેથી વિદ્યાર્થીઓમાં લેખન કળા ખીલે તેમજ તેમના મૌલિક વિચારોને મૂર્તિમંત કરી શકે. આગામી પાંચમી તારીખે વાઈલ્ડ રીસર્ચ અને ટ્રેનીંગના કોન્ફરન્સ હોલ ખાતે સાંજે ૫.૩૦ વાગ્યે ઈનામ વિતરણ કરવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન વન વિભાગના રેંજ ઓફિસર વી.જે. પટેલ, બીબીએ કોલેજના પ્રો. માર્ગી દેસાઈ તેમજ ગ્રીન એમ્બેસેડર અંજના નિમાવત દ્વારા કરવામાં આવ્યુ હતુ. વાઈલ્ડ લાઈફના ડીએફઓ પ્રતાપસિંહ ડાભી અને બીબીએ કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ દ્વારા કાર્યક્રમ માટે માર્ગદર્શન તેમજ સહકાર પુરો પાડ્યો હતો.



શ્રી બાપુ નૉલેજ વિલેજ ખાતે તાજેતરમાં ઍન્જિનીયરિંગ શાખાના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનમાં આવ્યા હતા, જેમાં આઈટી ઍન્જિનીયરિંગના છેલ્લા સૅમિસ્ટરમાં ૯૪ ટકા માર્ક્સ સાથે કૉલેજમાં પ્રથમ સ્થાન મેળવનાર ઋજિત મહેશભાઈ રાવલનું સન્માન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટી નયનભાઈપરીખ દ્વારા ઋજિતને આ સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું. બાપુ નૉલેજ વિલેજના પ્રમુખ શંકરસિંહ વાઘેલા તથા જાણીતા કટાર લેખક જય વસાવટા આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે ઋજિત ગાંધીનગરનો રહેવાસી છે. તેને વિસનગરા નાગર પરિવારો તથા નગરના શિક્ષણજગત તરફથી અભિનંદનો પ્રાપ્ત થઈ રહ્યા છે.

## ડાયરેક્ટ ❤ સે

વર્તન પહેલાં વિચાર આવે તો ક્યારેય કરેલા વર્તન માટે વિચાર કરવો ન પડે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ઍમ ઍસ ધોની
૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ઍમ ઍસ ધોની
૧૨.૧૫
સૅન્ટ્રલ ઈન્ટેલિજન્સ (અંગ્રેજી)
૩.૪૫, ૭.૪૫
સૅન્ટ્રલ ઈન્ટેલિજન્સ (હિન્દી)
૫.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ડેઝ ઑફ તફરી
૧૨.૪૫
પિન્ક
૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

**સ્ક્રીન-૫**
ઍમ ઍસ ધોની
૧૦.૦૦, ૧.૩૦, ૫.૦૦, ૮.૩૦



લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલનું શતાબ્દી વર્ષ ઉજવાઈ રહ્યું છે. ઉજવણીના અનુસંધાનમાં ગાંધીનગર લાયોનેસ ક્લબ દ્વારા હંગર પ્રોજેક્ટ અંતર્ગત આદીવાડાની આંગણવાડીના બાળકોને એક મહિના સુધી વિવિધ સૂપ, ફ્રૂટ અને ડ્રાયફ્રૂટનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપક્રમના આરંભે ક્લબનાં પ્રમુખ દેવલબેન જોષી, સેક્રેટરી મીતલ રાણા, ઈલાબેન જોષી તથા કિન્નાબેન હાજર રહ્યાં હતાં.

# ગાંધી વ્યક્તિ નહીં પણ એક વિચારધારા છે : ડૉ. નીરવ જોશી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓએ ‘ગાંધી એક વ્યક્તિ નહિ પણ વિચારધારા’ વિષય પર યોજેલ વક્તૃત્વ સ્પર્ધામાં ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. જેમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી તેમજ પૂર્વ પ્રધાનમંત્રી લાલબહાદુર શાસ્ત્રીના જન્મ દિવસ નિમિત્તે કૃતજ્ઞ ભાવે તેમને યાદ કર્યા તેમજ તેઓના જીવન ચરિત્ર અને તેમને કરેલ ઉમદા કાર્યોને યાદ કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સંસ્થા વિદ્યાર્થીઓને આવા અનેક કાર્યક્રમો થકી તેઓના સર્વાંગી વિકાસનો પ્રયત્ન કરતી રહે છે. સાંપ્રત સમયમાં યુવા મિત્રો જ્યારે ગાંધીજી તેમજ દેશના અન્ય મહાનુભાવોને સાચા અર્થમાં ઓળખતા થાય તેમજ તેમાંથી પ્રેરણા મેળવે તેવા ઉમદા હેતુથી આજનો સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨ ઓક્ટોબર રવિવાર હોવાથી ૩ તારીખે કોલેજ ખાતે ‘ગાંધી એક વ્યક્તિ નહિ પણ વિચારધારા’ વિદ્યાર્થીઓને ઉપયોગી બને તેવા સાદર પ્રયત્ન કર્યો. વિદ્યાર્થીઓમાં મંચ પરથી બોલવાની હિંમત આવે તેમજ ગાંધીજી તેમજ ભારતના પનોતા પુત્ર લાલ બહાદુર શાસ્ત્રી બાબતે જાણવાનો મોકો મળ્યો હતો. આ મહાનુભાવોને યાદ કરી તેમના કાર્યો અને સંદેશને જીવનમાં ઉતારીએ. સાથે સાથે ફેસબુક, વોટસઅપ, ટ્વીટર અને અન્ય અનેક ફોરમ ઉપર ફક્ત પોસ્ટ કરવાથી આપણી જવાબદારી પુરી થાય છે ? તેવો પ્રશ્ન પણ યુવા મિત્રો દ્વારા કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ડૉ. નીરવ જોશીએ ‘ગાંધી વિચારધારા અને મેનેજમેન્ટ’ બાબતે વિદ્યાર્થીઓને પ્રેરક માહિતી આપી હતી. તેમજ વિવિધ લેખકો દ્વારા લખેલ પુસ્તકોના દૃષ્ટાંત વિદ્યાર્થીઓને આપ્યા હતા અને ગુજરાતના ગાંધી વિચારને મજબુત કરતા વિવિધ સ્થળોની માહિતી આપી હતી. આ પ્રસંગે ધર્મેન્દ્ર રાઠોડે ગાંધીજીની વૈશ્વિક છબી તેમજ તેમની બાલ્યાવસ્થાથી મૃત્યુ સુધીના રસપ્રદ પ્રસંગો વિદ્યાર્થીઓને જણાવ્યા હતા. આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ દ્વારા કાર્યક્રમની મંજુરી તેમજ પ્રેરક જાહેરાત સાથે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. પ્લેસમેન્ટ ટ્રેનીંગ હેડ ડૉ. જયેશ તન્નાએ સ્પર્ધા દરમ્યાન ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઉત્સાહિત કર્યા હતા. ડૉ. નીરવ જોશી તેમજ ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સમગ્ર કાર્યક્રમને સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

## આજે ગાંધીનગરમાં પ્રકૃતિ વિષયે કવિ સંમેલનમાં રાજ્યના ખ્યાત કવિઓ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૪

વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વન સંશોધન સંકુલ, સૅક્ટર-૩૦ના કૉન્ફરન્સ હૉલ ખાતે પાંચમી ઑક્ટોબરે સાંજે ૬ કલાકે વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામો એનાયત કરવા માટે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે પ્રકૃતિ કાવ્ય વિષયે કવિ સંમેલનનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જેમાં રાજ્યના ખ્યાત કવિ ચીનુભાઈ મોદી, કૃષ્ણ દવે, હરદ્વાર ગોસ્વામી, માધવ રામાનુજ, ભાગ્યેશ જહા, ડૉ. જગદીશ પ્રસાદ, પ્રતાપસિંહ ડાભી, અનિલ ચાવડા ભાગ લેશે.

## શિવશંકર દવે આજે પોતાની ૮૦મી વર્ષગાંઠ અનોખી રીતે ઉજવશે



ગાંધીનગર, તા. ૪

નિવૃત્ત નાયબ સચિવ અને સદ્‌વાંચન પરિવારના સંયોજક શિવશંકર દવે પોતાની ૮૦મી વર્ષગાંઠ અનોખી રીતે ઉજવી રહ્યા છે.

તારીખ પાંચમી ઑક્ટોબરના રોજ એમનો જન્મદિવસ છે અને તેઓ ૭૯ વર્ષ પૂર્ણ કરી ૮૦મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. આ પ્રસંગ તેમણે વિદ્યાર્થીઓ સાથે ઉજવવાનું નક્કી કર્યું છે. પોતાની ૮૦મી વર્ષગાંઠની ઉજવણી તેઓ સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલના વિદ્યાર્થીઓને ૮૦ જેટલી ડિક્શનરી આપીને ઉજવવાના છે.

આ પ્રસંગે ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ પણ ઉપસ્થિત રહેશે.

# સંબંધોમાં પારદર્શિતા અને કૃષ્ણના પ્રગાઢ સંબંધો

**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**
vamlani@yahoo.co.uk

માનવીય સંબંધોને વાચા આપતો અંગ્રેજીમા એક સુંદર શબ્દ છે " Intimacy " આ શબ્દને છૂટો પાડીએ તો આમ લખી શકાય. " In- to- me- see" " Intimacy " શબ્દનો ગુજરાતી શબ્દ ‘પ્રગાઢ’. આ શબ્દ પણ માનવીય સંબંધોનાં સંદર્ભમાં વધુમાં વધુ વપરાય છે. દરેક વ્યક્તિની એક તીવ્ર ઈચ્છા હોય છે કે કેટલાક લોકો સાથે તેમની પ્રગાઢ મૈત્રી હોય કે પ્રગાઢ ( કે ગાઢ ) સંબંધો હોય. આમ પણ દરેક વ્યક્તિને બે-ચાર એવા સંબંધો હોય જ છે જેને ગાઢ કહી શકાય. આ પ્રકારના સંબંધો એક પણ વ્યક્તિ સાથે જો કોઈ ને ના હોય તો કદાચ એ જીવનની કમનસિબી જ કહી શકાય.

જે વ્યક્તિઓ વચ્ચે પ્રગાઢ સંબંધો હોય ત્યાં બે વ્યક્તિઓ એકબીજાના આંતરિક જગત સૂધી બહુ સહેલાઈથી અને સરળતાથી પહોંચી શકતા હોય છે. પ્રગાઢ સંબંધો હોય ત્યાં બંને વ્યક્તિઓ વચ્ચે કોઈ જ પ્રકારની માનસિક કે ભાવાત્મક દીવાલો નથી હોતી. બંનેને એકબીજાના આંતરિક વિશ્વ સૂધી પહોંચવા માટે કોઈ જ પ્રકારની પરવાનગી, પાસપોર્ટ કે વિઝાની જરૂર નથી હોતી. આ પ્રકારના સંબંધોમાં બંને વચ્ચે આકાશ જેવું ખૂલ્લાપણું હોય છે જેમાં બંને વ્યક્તિ એકબીજાના જગતમાં મુક્તપણે વિહાર કરી શકે છે.

દરેક વ્યક્તિને પોતાની ઈચ્છાઓ હોય છે. પોતાના જીવનના કેટલાક ગાઢ રહસ્યો હોય છે. પોતાના જીવનના કેટલાક જાહેર તો કેટલાક ખાનગી ધ્યેયો હોય છે. પોતાની કેટલીક રૂઢિગત, અનન્ય કે નવોન્મેષ માન્યતાઓ હોય છે અને પોતાના જીવનના કેટલાક વ્યક્તિગત મૂલ્યો હોય છે. જે કોઈ વ્યક્તિઓ વચ્ચે પ્રગાઢ સંબંધો હોય છે તેઓ એકબીજાના જીવનના અંગત રહસ્યો, ઈચ્છાઓ, ધ્યેયો, માન્યતાઓ કે મૂલ્યો અંગત રીતે જાણી-પિછાણી શકે છે, તેના વિષે વિના સંકોચ ચર્ચાઓ કરી શકે છે, તેના વિષે પોતાના અભિપ્રાયો આપી શકે છે ને સૂચનો પણ આપી શકે છે. પ્રગાઢ સંબંધોની આ જ તો લક્ષણીક્તાઓ છે જેનો બંને પક્ષે આનંદ હોય છે.

ગાઢ સંબંધોનો અર્થ એવો નથી કે બે વ્યક્તિ વચ્ચે લોહીના સંબંધો જ હોય કે બંને વ્યક્તિ નજીકના સગા-વહાલા હોય કે પતિ-પત્નિ હોય. આ પ્રકારના સંબંધો કોઈપણ વ્યક્તિઓ વચ્ચે હોય શકે. તેઓ પતિ-પત્ની, મા-દિકરી, બાપ-દિકરો, બે ભાઈઓ, બે-બહેનો, ભાઈ બહેન, સગા-વહાલા, મિત્રો, પાડોશી કે કોઈપણ પ્રકારના લોહીના કે કૌટુંબિક સંબંધો વિના પણ બે વ્યક્તિઓ વચ્ચે ગાઢ સંબંધો થઈ શકે છે. આ પ્રકારના સંબંધોના વિકાસ માટે વ્યક્તિને નાત-જાત, જાતિ, દેશ કે રંગ, કોઈપણ પ્રકારના સિમાડા નડતા નથી.

મોટા ભાગના સંબંધોનો અંત આવવાનું એક સબળ કારણ હોય છે સંબંધોમાં પારદર્શિતાનો અભાવ. સંબંધોનો અંત કદાચ ના આવે તો પણ બે વ્યક્તિઓ વચ્ચે જ્યારે પ્રગાઢ સંબંધો નથી હોતા તેની પાછળનું કારણ પણ સંબંધોમાં પારદર્શિતાનો અભાવ જ હોય છે. બધા જ સંબંધો પ્રગાઢ નથી જ હોતા. સંબંધોને પ્રગાઢ બનાવવા હોય તો બંને વ્યક્તિએ માનસિક અને ભાવાત્મક રીતે પારદર્શક બનવું પડે. બીજા શબ્દોમાં કહીએ તો પારદર્શિતા એ પ્રગાઢ સંબંધોની પૂર્વશરત છે.

જે સંબંધોમાં પારદર્શિતા હોય છે ત્યાં બંને વ્યક્તિ વચ્ચે એકદમ ખૂલ્લાપણું હોય છે. બંને વચ્ચે કશું જ ખાનગી નથી હોતું કે કશું જ છુપાવવાનું નથી હોતું. સત્યવચન અને સત્યવર્તન એ પારદર્શિતાની પૂર્વશરત છે. પારદર્શક સબંધોમાં બંને વ્યક્તિઓ એકબીજા પ્રત્યેની જવાબદારી નિભાવવા માટે હંમેશા તત્પર હોય છે. બંને વ્યક્તિ જ્યારે નિષ્ઠાપૂર્વક, પ્રમાણિકતાથી અને વફાદારીથી એકબીજા પ્રત્યેની જવાબદારી નિભાવે છે ત્યારે તેઓ અનર્ગલ આનંદની લાગણી અનુભવે છે.

પારદર્શક સંબંધો વિકસાવવા માટે ઘણા લોકો ડરતા હોય છે. વ્યક્તિને એવો ડર હોય છે કે પારદર્શક બનવાથી વ્યક્તિ પોતાના જીવનના રહસ્યો જાણી જાય અને તેને કારણે સામેની વ્યક્તિની લાગણીઓને કદાચ ઠેસ પહોંચે. હકિકતમાં આ પ્રકારના ડર ખોટા હોય છે. વાસ્તવિકતા તેનાથી જૂદી છે. જે સંબંધોમાં પારદર્શિતાનો અભાવ હોય ત્યાં અવિશ્વાસ હોય છે અને અસલામતીનો ભય હોય છે. જે સંબંધોમાં પારદર્શિતા હોય તે સંબંધોમાં બંને વ્યકિત સલામતીની ઊંડી લાગણીનો અનુભવ કરી શકે છે કારણ કે પારદર્શક સંબંધોમાં ક્યાય દગો કે ધોખેબાજીને સ્થાન નથી હોતું. પારદર્શક સંબંધોમાં બે વ્યક્તિ વચ્ચે ક્યારેય પણ અપ્રમાણિકતા, જૂઠ, અતિશયોકિત, ખોટા બહાના, ઢોંગ, ખોટી રજૂઆતો, કે દોષારોપણ નથી હોતું.

આવું ન હોવાને કારણે ક્યારેય એકબીજાની લાગણી દૂ:ભાતી નથી અને એકબીજાની લાગણીને ઠેસ પહોંચવાનો સવાલ જ ઊભો થતો નથી.

કોઈ પણ વ્યક્તિએ પારદર્શક સંબંધો વિકસાવવા માટે વ્યક્તિએ પોતે જ પોતાની જાત સાથે પારદર્શક બનવું પડે. જે વ્યક્તિ પોતાની જાત સાથે પારદર્શક નથી બની શક્તિ તે અન્ય વ્યક્તિ સાથે પારદર્શક નથી બની ના શકે. આવી વ્યક્તિ પારદર્શક સંબંધો કેવી રીતે કેળવી શકે ?

વ્યક્તિએ પોતાની જાત સાથે વફાદારી દાખવવી પડે. પોતે પહેરેલો મુખવટો હટાવીને પોતાની જાતને પોતાનો સાચો ચહેરો બતાવવો પડે. આવું થાય તો અને તો જ વ્યક્તિ પોતાનો સાચો ચહેરો બીજાને બતાવી શકે અને સંબંધોમાં પારદર્શિતા લાવી શકે. સંબંધોમાં પારદર્શિતા લાવવા માટે વ્યક્તિએ પોતે જ શરૂઆત કરવી પડે.

શ્રીકૃષ્ણના કેટલીયે વ્યક્તિઓ સાથે પ્રગાઢ સંબંધો હતા. કૃષ્ણના રાધાજી સાથેના પ્રેમ સંબંધો, કૃષ્ણના માતા જશોદા સાથેના વાત્સલ્ય સંબંધો, કૃષ્ણના અર્જુન સાથેના મૈત્રી સંબંધો અને કૃષ્ણના દ્રૌપદી સાથેના સખ્ય સંબંધો. કૃષ્ણના પ્રગાઢ સંબંધોની ચરમસીમા હતી. આ સંબંધો પ્રગાઢ બની શક્ય એનું કારણ એ જ હતું કે બધા જ સંબંધોમાં બંને પક્ષે પારદર્શિતા હતી. પારદર્શિતા વિના કોઈ જ સંબંધો પ્રગાઢ ના બની શકે.

પ્રગાઢ સંબંધોના આનંદની ચરમસીમા પ્રાપ્ત કરવા માટે પોતાની જાતની અને સંબંધોની પારદર્શિતાને પણ ચરમસીમા સુધી પહોચડવી પડે.

